# માઁ ખોડિયારની અભયવાણી

## હે પ્રિય ભક્તો !!

હું પરમ શક્તિરૂપે ચરાચર સર્વવ્યાપી છું. હું સર્વ શક્તિમાન છું મારા માટે કશું જ અશક્ય નથી. હું કમળનાળથી હાથીને બાંધી શકું છું, તેમજ નાનકડા ખાબોચિયામાં પર્વત ડુબાડી શકું છું. મારી ગતિને અટકાવી શકે, એવી કોઇ તાકાત (શક્તિ) કોઇમાં નથી.

હે ભક્ત ! તું દેહ - ચિંતા, ધન - ચિંતા અને અન્ય કોઇ પણ ચિંતા ત્યજી દે, મેં તારા કલ્યાણ માટે બધી જ વ્યવસ્થા કરી જ રાખી છે, તારી યોગ્યતા મુજબ તને તે મળશે.

હે સેવક ! તું મને સાચા દિલથી પુકાર, મારુ નામ લઈ બોલાવ, મારા નામનો મંત્રજાપ કર. ગમે તેવા સંકટ સમયે સાચા મનથી પુકારી જો. જોઇ લેજે કે તારી બધી જ્વાળાઓ - દુઃખ, દર્દો અન ઉપાધિઓ કેવા પળવારમાં દૂર થઇ જાય છે. અને તને કેવા સુખ શાંતિ મળે છે.

હે ભક્ત ! તું આ દુનિયા ની ઝાકમજાળથી લોભાઇશ નહી. ખરાબ સંસ્કારોને ત્યજી દે. હંમેશા સત્યની રાહ પર ચાલ. તારામાં રહેલાં અહંમ અને ક્રોધ ને છોડી દે. હંમેશા દીન દુખીયાની મદદ કર. પછી જો મારી કૃપા હંમેશા તારા ઉપર રહેશે.

હે વત્સ ! જીવનની કટોકટીના પ્રસંગે તું બધુ ભૂલીને મારામાં પૂરી શ્રધ્ધા મૂકીને, મારુ એક ચિત્તથી ધ્યાન ધર, મારું નામ રટણ કર. મારામાં તલ્લીન થઇ, તારી જાતને ભૂલી જા. પછી જો જે કે તું મારી જ ગોદમાં હોઇશ. હું તને મારી છાતી એ વળગાડીશ, તારી એક જનેતાની જેમ સંપૂર્ણ રક્ષા કરીશ. તારું કુશળ - ક્ષેમ કરીશ. પણ તે માટે મનમાં જરાપણ શંકા ન ધરીશ.

હે ભક્ત ! તને ડર શેનો છે ! મારું એ વચન છે કે મારો ભક્ત કદી નાશ પામતો નથી. બધું જ ભલે નાશ પામે તેમ છતાં મારો ખરો ભક્ત એવો તું સદાય નિઃશંક અને નિરાપદ (આપદા રહિત) રહીશ. માટે તું જગતની અન્ય કોઇપણ બાબતથી ડર નહીં ભયભીત ન થઇશ.

મારામાં, મારી અપાર શક્તિમાં પૂર્ણ અને અડગ શ્રધ્ધા રાખ ! મનમાં જરાપણ શંકા ન રાખ અને પછી ભક્ત નરસૈંયા જેમ પ્રભુને ભજતો, તેમ તલ્લીન થઇ મને ભજ. તારું તમામ ક્ષેમ - કુશળ હું સંભાળીશ. તારી સંપૂર્ણ રક્ષા કરીશ, તને પૂર્ણ સહાય કરીશ. આ **મારું અભય વચન** છે.

માઁ એ ભક્તોને આપેલું અભય વચન માઁ એ હંમેશા પાળ્યું છે. એવા ઘણા પ્રસંગો અહીં દર્શાવેલ છે.